- આ જાતના દાણા મોટા કદના અને આકર્ષક પીળાશ પડતા આછા કથ્થાઈ રંગના છે.
- આ જાતના દાણા ૨૩.૬૫ ટકા પ્રોટીન ધરાવે છે.
- આ જાત સુકારા અને સ્ટંટ રોગ માટે રોગ પ્રતિકારક શક્તિ ધરાવે છે તથા પોપટા કોરી ખાનાર ઈયળનું પ્રમાણ પણ ઓછુ જોવા મળે છે.

### ગુજરાત ચણા–૮ (જી.જી.–૮)

- ચણાની જી.જી.–૮ જાત કઠોળ સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા વિકસાવવામાં આવેલ છે.
- આ જાત શિયાળુ ઋતુમાં પિયત અને બિનપિયત પરિસ્થિતિ હેઠળ વાવેતર માટે ચણાની અગત્યની જાત છે, વધુમાં આ જાતના છોડ ઊંચા અને સીધા હોવાથી મશીનથી કાપણી કરવા માટે અનુકુળ છે.
- આ જાત ૨૮૧૪ કિ.ગ્રા પ્રતિ હેકટર (પિયત પરિસ્થિતિ હેઠળ) અને ૨૦૧૭ કિ.ગ્રા પ્રતિ હેકટર (બિનપિયત પરિસ્થિતિ હેઠળ) સરેરાશ ઉત્પાદન ધરાવે છે.
- આ જાતના દાણા મધ્યમ કદના અને કથ્થાઈ રંગના છે.
- આ જાત સુકારા અને સ્ટંટ રોગ માટે રોગ પ્રતિકારક શક્તિ ધરાવે છે તથા પોપટા કોરી ખાનાર ઈયળનું પ્રમાણ પણ ઓછુ જોવા મળે છે.

### ગુજરાત કાબુલી ચણા–૧(જી.કે.જી.–૧)

- ચણાની જી.કે.જી.–૧ જાત કઠોળ સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા વિકસાવવામાં આવેલ છે.
- આ જાત શિયાળુ ઋતુમાં વેહલી પાકતી કાબુલી ચણાની અગત્યની જાત છે.
- આ જાત ૨૭૯૦ કિ.ગ્રા પ્રતિ હેકટર (દક્ષિણ સૌરાષ્ટ્રમાં) અને ૧૮૭૫ કિ.ગ્રા પ્રતિ હેકટર (ઉત્તર સૌરાષ્ટ્રમાં) સરેરાશ ઉત્પાદન ધરાવે છે.



ગુજરાત કાબુલી ચણા–૧
(જીકેજી–૧ : સોરઠ કાબુલી)

- આ જાત ભાલ તથા દરિયાકાંઠાના વિસ્તારમાં ૧૨૧૯ કિ.ગ્રા પ્રતિ હેકટર (બિનપિયત પરિસ્થિતિ હેઠળ) સરેરાશ ઉત્પાદન ધરાવે છે.
- આ જાતના દાણા ખુબ મોટા કદના અને સફેદ રંગના હોવાથી નિકાસ માટે અનુકુળ છે.
- આ જાતના દાણા ૨૩.૬૦ ટકા પ્રોટીન ધરાવે છે.
- આ જાત સ્ટંટ રોગ માટે રોગ પ્રતિકારક શક્તિ ધરાવે છે તથા પોપટા કોરી ખાનાર ઈયળનું પ્રમાણ પણ ઓછુ જોવા મળે છે.

ડાઉનલોડ કરવા માટે
QR Code સ્કેન કરો.

**વધુ માહિતી માટે સંપર્ક કરો**
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર – ખાપટ, જી. પોરબંદર

કૃષિ વિસ્તરણ પ્રકાશન શ્રેણી : ૩-૧-૮૬ નકલ : ૫૦૦ કિંમતઃ વિનામૂલ્યે



# મગફળી, ઘઉં અને ચણાની અગત્યની જાતો



:: લેખકો ::
શ્રી ડી. એન. હડિયા, શ્રી વી. એમ. સાવલીયા,
શ્રી એ. એમ. ગામીત અને ડો. એચ.આર. વદર

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
જુનાગઢ કૃષિ યુનિવર્સિટી
ખાપટ – ૩૬૦૫૭૯, જી. પોરબંદર.
વર્ષ : ૨૦૨૩–૨૪

મગફળી, ચણા તથા ઘઉં સૌરાષ્ટ્ર વિસ્તારના ખુબ જ અગત્યના અને વધુ પ્રમાણમાં વવાતા પાકો છે. આ પાકોનું મહતમ ઉત્પાદન લેવા માટે તેની જાતની પસંદગી ખુબજ મહત્વનો ભાગ ભજવે છે. આથી આ પાકોની સારી જાતો વિશે જાણવું જરૂરી છે.

## મગફળીની અગત્યની જાતો

### ગુજરાત જૂનાગઢ મગફળી–૨૨ (જી.જે.જી.–૨૨)




- જી.જે.જી.-૨૨ જાત મુખ્ય તેલીબીયા સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા વિકસાવવામાં આવેલ છે.
- આ જાત ચોમાસું ઋતુમાં ઉગાડવા માટે અર્ધવેલડી પ્રકારની અગત્યની જાત છે.
- આ જાત ડોડવાનું ૧૭૭૦ કિ.ગ્રા પ્રતિ હેકટર સરેરાશ ઉત્પાદન ધરાવે છે અને ૭૨.૪૫ ટકા દાણાનો ઉતારો આપે છે.
- આ જાતના દાણા ૫૧.૬૨ ટકા તેલ ધરાવે છે.
- આ ૧૧૮ દિવસમાં પાકતી જાત છે.
- ઉગસુકના રોગ સામે સહનશીલતા ધરાવે છે.

### ગુજરાત જૂનાગઢ મગફળી–૩૨ (જી.જે.જી.–૩૨)




- જી.જે.જી.-૩૨ જાત મુખ્ય તેલીબીયા સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા વિકસાવવામાં આવેલ છે.
- આ જાત ચોમાસું ઋતુમાં ઉગાડવા માટે ઉભડી પ્રકારની અગત્યની જાત છે.
- આ જાત ડોડવાનું ૩૩૯૨ કિ.ગ્રા પ્રતિ હેકટર સરેરાશ ઉત્પાદન ધરાવે છે અને ૬૮.૫૨ ટકા દાણાનો ઉતારો આપે છે.
- આ જાતના દાણા ૫૩.૯૦ ટકા તેલ ધરાવે છે.
- આ ૧૧૨ દિવસમાં પાકતી જાત છે.
- આ જાતમાં ટીક્કા અને ગેરુ સામે પ્રતિકારક શક્તિ ધરાવે છે.

### ગુજરાત મગફળી–૩૮ (જી.જી.–૩૮)


ગુજરાત મગફળી–૩૮
(જીજી–૩૮ : સોરઠ નવીન)

- જી.જી.-૩૮ જાત મુખ્ય તેલીબીયા સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા વિકસાવવામાં આવેલ છે.
- આ જાત ચોમાસું ઋતુમાં ઉગાડવા માટે ઉભડી પ્રકારની અગત્યની જાત છે.
- આ જાત ડોડવાનું ૨૯૬૬ કિ.ગ્રા પ્રતિ હેકટર સરેરાશ ઉત્પાદન ધરાવે છે અને ૭૨.૩૫ ટકા દાણાનો ઉતારો આપે છે.
- આ જાતના દાણા ૪૮.૯૧ ટકા તેલ ધરાવે છે.
- આ ૧૦૬ દિવસમાં પાકતી જાત છે.

## ઘઉંની અગત્યની જાતો

### ગુજરાત જૂનાગઢ ઘઉં–૪૬૩ (જી.જે. ડબલ્યુ.–૪૬૩)

- ઘઉંની જી.જે.ડબલ્યુ.-૪૬૩ જાત ઘઉં સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા વિકસાવવામાં આવેલ છે.






- આ જાત શિયાળુ ઋતુમાં વેહલી તથા સમયસર વાવણી માટે ઘઉંની અગત્યની જાત છે.
- આ જાત ૫૫૭૫ કિ.ગ્રા પ્રતિ હેકટર (વહેલી વાવણીમાં)તથા ૫૦૯૧ કિ.ગ્રા પ્રતિ હેકટર (સમયસર વાવણીમાં) સરેરાશ ઉત્પાદન ધરાવે છે.
- આ જાતના દાણા સોનેરી રંગના છે.
- આ જાત ગેરુ અને ઊંચા તાપમાન સામે સહનશીલતા ધરાવે છે.
- આ જાતના દાણામાં ૧૨.૭ ટકા પ્રોટીન, આર્યન ૩૧.૯ પીપીએમ, ઝીંક ૨૩.૮ પીપીએમ, મેંગેનીઝ ૨૨.૪ પીપીએમ અને કોપર ૫.૯ પીપીએમ જેટલું નોધાયેલ છે.
- આ જાત રોટલી બનાવવા માટે સારી ગુણવત્તા ધરાવે છે.

### ગુજરાત ઘઉં–૪૫૧ (જી.ડબલ્યુ.–૪૫૧)


GW-451

- ઘઉંની જી.ડબલ્યુ.-૪૫૧ જાત ઘઉં સંશોધન કેન્દ્ર, સરદાર કૃષિનગર, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, વિજાપુર દ્વારા વિકસાવવામાં આવેલ છે.
- આ જાત શિયાળુ ઋતુમાં સમયસર વાવણી માટે ઘઉંની અગત્યની જાત છે.
- આ જાત ૫૩૯૨ કિ.ગ્રા પ્રતિ હેકટર સરેરાશ ઉત્પાદન ધરાવે છે.
- આ જાતના દાણા સોનેરી રંગના છે.
- આ જાત કાળા તથા બદામી ગેરુ સામે રોગપ્રતિકારક શક્તિ ધરાવે છે.
- આ જાત ઢળી પડવા સામે સહનશીલતા ધરાવે છે.
- આ જાતના દાણામાં ૧૧.૮૦ ટકા પ્રોટીન, આર્યન ૩૬.૪૦ પીપીએમ અને ઝીંક ૪૦.૧૦ પીપીએમ જેટલું નોધાયેલ છે.
- આ જાત રોટલી બનાવવા માટે સારી ગુણવત્તા ધરાવે છે.


## ચણાની અગત્યની જાતો

### ગુજરાત જૂનાગઢ ચણા–૬ (જી.જે.જી.–૬)



- ચણાની જી.જે.જી.-૬ જાત કઠોળ સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા વિકસાવવામાં આવેલ છે.
- આ જાત શિયાળુ ઋતુમાં બિનપિયત પરિસ્થિતિ હેઠળ વાવેતર માટે ચણાની અગત્યની જાત છે.
- આ જાત ૧૮૬૭ કિ.ગ્રા પ્રતિ હેકટર સરેરાશ ઉત્પાદન ધરાવે છે.
- આ જાતના દાણા મધ્યમ કદના અને ઘેરા કથ્થાઈ રંગના છે.
- આ જાતના દાણા ૧૯.૯ ટકા પ્રોટીન ધરાવે છે.
- આ જાત સુકારા અને સ્ટંટ રોગ માટે રોગ પ્રતિકારક શક્તિ ધરાવે છે.

### ગુજરાત ચણા–૭ (જી.જી.–૭)


ગુજરાત ચણા–૭
(જીજી–૭ : સોરઠ સુરજ)

- ચણાની જી.જી.-૭ જાત કઠોળ સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા વિકસાવવામાં આવેલ છે.
- આ જાત શિયાળુ ઋતુમાં બિનપિયત પરિસ્થિતિ હેઠળ વાવેતર માટે ચણાની અગત્યની જાત છે.
- આ જાત ૧૮૫૯ કિ.ગ્રા પ્રતિ હેકટર સરેરાશ ઉત્પાદન ધરાવે છે.